પ્રાંતિજમાં પોલીસ દ્વારા લોક દરબાર યોજાયો

પ્રાંતિજનાં નાયબ પોલીસ અધિક્ષક હિંમતનગર વિભાગ સાબરકાંઠાના દ્વિવાર્ષિક ઇન્સ્પેકશનના ઉપક્રમે ગુજરાત રાજયના મુખ્ય પોલીસ મહાનિરીક્ષક ગાંધીનગરના શમશેરસિંહ હિંમતનગરના ડિવિઝનના પ્રાંતિજ પોલીસ સ્ટેશનની મુલાકાત શુક્રવારે લીધી હતી, ને સમગ્ર તાલુકાના પ્રજાજનોની ફરિયાદોઓનો લોકદરબાર યોજી મુક્ત ચર્ચા વિચારણાઓ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સાબરકાંઠા એસ.પી. ચિરાગ કોરડીયાનાં અધિક્ષક પી. આર. ગેહલોત, પી.આઇ. પ્રાંતિજ એસ.પી. કહાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ પ્રાંતિજના દશામાં હૉલમાં યોજવામાં આવ્યો હતો. આ લોકદરબારમાં નગર પાલિકાના પૂર્વ પ્રમુખ, નિત્યાનંદ ભાઇ, રઇશભાઇ કરબાતી, ભરતભાઇ કડીયા,. દિલીપભાઇ કોઠારી, તેમજ નગરના આગેવાનો, તેમજ તાલુકાના ગામના સંરપંચો, વકીલો, પત્રકારો તથા ફરિયાદીઓ ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

મામરોલી ગામે ગરનાળાનું કામ રામભરોસે ચાલતા ગ્રામજનોમાં ઉગ્ર આક્રોશ

તંત્ર અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતને લીધે આઠ મહિનાથી ગરનાળાની સ્થિતિ જેમની તેમ

પ્રાંતિજ, તા. ૨૬

પ્રાંતિજ તાલુકાના મામરોલી ગામ પાસેથી પસાર થતી સુજલામ-સુફલામ કેનાલ પર તંત્ર દ્વારા છેલ્લા ઘણા સમયથી ગરનાળુ બનાવવાની કામગીરી કાપ ધરવામાં આવી છે. પરંતુ તંત્રના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત તથા આળસના લીધે ગરનાળાનું કામકાજ રામભરોસે રખડી પડ્યું છે. બીજી તરફ ગરનાળામાં વપરાતા માલ-સામાનની સામે પણ ગુણવત્તાને લઈ અનેક પ્રશ્નો ઉઠવા પામ્યા છે. જ્યારે આ મામલે ગ્રામજનોએ મુખ્યમંત્રીને લેખીત ફરિયાદ કરવા છતાં કોઈ પરિણામ ના આવતા હવે ગ્રામજનોએ તંત્ર સમક્ષ ઉગ્ર આક્રોશ સાથે આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

પ્રાપ્ત વિગતો મુજબ પ્રાંતિજ તાલુકાના મામરોલી ગામમાં લોકો શાકભાજી, અનાજ પકવી પોતાનું જીવન ગુજરાન ચલાવે છે. મામરોલી ગામ મુખ્ય માર્ગથી થોડુ દુર હોવાથી શાકભાજી અનાજ વેચવા માટે તથા ખેતી વિષયક ચીજવસ્તુ ખાતર, દવા, બિયારણ તેમજ જીવન જરૂરીયાતની ચીજવસ્તુ લેવા માટે આ ગરનાળુ ઓળંગીને મુખ્ય માર્ગ તરફ પારાવાર મુશ્કેલીઓ સાથે જવુ પડે છે. પરિવહન અને અવરજવર કરવા માટે અન્ય કોઈ માર્ગ ન હોવાથી ફરજીયાત અને ના છુટકે આ જ માર્ગનો ગ્રામજનોએ ઉપયોગ કરવો પડે છે. જ્યારે ચોમાસાની ઋતુમાં તો આ વિસ્તાર બેટમાં ફેરવાઈ જાય છે અને અન્ય ગામો સાથેનો સંપર્ક પણ તુટી જાય છે. આ તમામ હકીકતોથી તંત્રના અધિકારીઓ વાકેફ હોવા છતાં કેટલાક ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓના કારણે ઘરનાળાનું કામ મંદ ગતિએ ચાલતુ હોવાથી ગ્રામજનો ભોરોષે ભરાયા છે. અને આ સંદર્ભે તંત્ર દ્વારા સત્વરે પગલા ભરાય અને ભ્રષ્ટ અધિકારીઓ સામે તપાસ થાય તેવી ઉગ્ર માંગણી સાથે આગામી સમયમાં તંત્ર સમક્ષ આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

પ્રાંતિજના રાસલોડ ગામે કૃષિ મહોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૬

કૃષિ મહોત્સવ ૨૦૧૨ અંતર્ગત પ્રાંતિજ તાલુકાની ૧૭ બેઠકો પર કૃષિ રથનો પ્રારંભ અમરાપુર ગામેથી કરવામાં આવ્યો હતો.

કૃષિ મહોત્સવ કાર્યક્રમની ઉજવણીના ભાગરૂપે કૃષિ તજજ્ઞો, વિજ્ઞાનિકો તથા શ્રેષ્ઠ અનુભવીઓ દ્વારા વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા ડ્રીપ ઈરીગેશન, સિંચાઈ તથા પશુપાલન અને બાગાયતી ખેતીની વિસ્તૃત માહિતી ગ્રામજનોને આપી હતી. તેમજ સરકારી કીટ અને સહાય ચુકવવામાં આવી હતી.

આ પ્રસંગે તાલુકા, જિલ્લા પંચાયતના અધિકારીઓ અને પદાધિકારીઓ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

લૂ લાગવાના-ડિહાઈડ્રેશનના ૫ હજારથી વધારે કેસ નોંધાયા છે

અમદાવાદ,તા.૨૬

અમદાવાદ સહિત રાજયભરમાં છેલ્લા બે દિવસથી ગરમીનો પારો તીવ્ર બન્યો છે. જેના કારણે લોકો હેરાન-પરેશાન થઈ ગયા છે. આજે પણ રાજયના મોટા ભાગના શહેરોના મહત્તમ તાપમાન ૪૦ ડિ.સેની આસપાસ નોંધાતા અંગ દઝાડતી ગરમીનો અહેસાસ થયો હતો. ત્યારે છેલ્લા ત્રણ દિવસથી અમદાવાદમાં પડી રહેલી ગરમીને કારણે લૂ લાગવાના અને ડિ હાઈડ્રેસનના ૫ હજારથી વધુ કિસ્સા નોંધાતા આરોગ્ય વિભાગ દોડતુ થઈ ગયુ છે.

તીવ્ર ગરમી વચ્ચે જુદા જુદા રોગચાળાને રોકવા માટે તંત્ર દ્વારા તમામ પગલા લેવામા આવી રહ્યા હોવા છતાં લૂ લાગવાના અને ડીહાઈડ્રેશનના કિસ્સાઓમાં વધારો થઈ રહ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે રાજયભરમાં આકરો તાપ પડવા માંડ્યો છે. આકાશમાંથી અગનજવાળા વરસી રહ્યાં હોય તેવો અહેસાસ લોકોએ આજે કર્યો હતો..અસહ્ય ગરમીને લીધે લોકો ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું.

આજે બપોરે ગરમીનો પારો ૪૦ ડિ.સે. સુધી પહોંચી જતા બહાર જાવ તો શરીર દઝાડતી ગરમી પીછો છોડતી ન હતી અને ઘરમાં પંખાઓની હવા પણ ગરમ લાગતી હતી. છેલ્લા બે દિવસથી પડી રહેલી કાળઝાળ ગરમીને કારણે લૂ લાગવાના અને ડિહાઈડ્રેશનના કિસ્સામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ત્યારે તબીબોના જણાવ્યા અનુસાર, ડિહાઈડ્રેશન અને લૂથી બચવા માટે વધુ પ્રમાણમાં પ્રવાહી લેવું જોઈએ. આગામી દિવસોમાં પણ ગરમી સાથે સંબંધિત જુદા જુદા ચામડીના રોગના કેસ વધે તેવી શક્યતા છે. નિષ્ણાંત તબીબો દ્વારા હાલમાં બીમારીઓને દુર રાખવા વધારે પ્રમાણમાં પાણી પીવવા અને મસાલેદાર ચીજ વસ્તુઓ ન ખાવાની સલાહ આપી રહ્યા છે. હળવુ ભોજન કરવાની સહાલ પણ અપાઈ રહી છે.

રાજ્યમાં કાળઝાળ ગરમીનું મોજુ : અમદાવાદમાં ૪૨.૨

અમદાવાદ, તા. ૨૬

કાળઝાળ ગરમીના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. ગરમીમા દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. ગરમીથી હાલ કોઈપણ રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. બપોરના ગાળામાં લોકો વધુ ગરમીનો અનુભવ કરી રહ્યા છે. અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં આજે કાળઝાળ ગરમીનું તીવ્ર મોજુ ચાલુ રહ્યું હતું. ગરમી ઉપરાંત ઉકળાટ વધારે હોવાથી લોકો પરસેવે રેબજેબ થઈ જાય છે. બપોરે લમણા શેકી નાખતી લૂ ફુંકાઈ હતી. લોકોએ બપોરે ઘર કે ઓફિસમાં જ રહેવાનું પસંદ કર્યું હતું. રાજ્યના નવ શહેરોમાં ગરમી ૪૦ ડિગ્રીથી વધુ નોંધાઈ હતી. રાજ્યમાં સૌથી વધારે ગરમી અમદાવાદમાં ૪૨.૨ ડીગ્રી નોંધાઈ હતી.

હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં તીવ્ર ગરમીનું પ્રમાણ ચાલુ રહેશે. જ્યારે અમદાવાદમાં આકાશ સ્વચ્છ અને મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રીની આસપાસ રહેશે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૪૨.૨ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૬.૬ ડીગ્રી નોંધાયુંહતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૭૧ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૧૯ ટકા નોંધાયુ હતું. રાજ્યમાં મહત્તમ તાપમાન વડોદરામાં અને રાજકોટ ૪૦.૬, સુરતમાં ૩૩.૮, ભુજમાં ૩૬.૭, ભાવનગર ૩૭.૮, અમરેલી ૪૦.૯, ડિસા ૪૦.૦, ઈડર ૪૧.૨, ગાંધીનગર ૪૧.૨, વલ્લભવિદ્યાનગર ૪૦.૮, ક્રુકેન્દ્રનગર ૪૦.૮, મહુવા ૩૯.૮, પોરબંદર ૩૩.૬ ડિગ્રી નોંધાયુંહતું

વડાગામમાં તસ્કરો ત્રાટક્યા : ૩૦ હજાર રોકડા અને બાઈકની કરેલી ઉઠાંતરી

ધનસુરા, તા. ૨૬

ધનસુરાના વડાગામ રોડ ઉપર હાઈસ્કૂલની સામેઆવેલા એક મકાનને કેટલાક તસ્કરોએ પોતાનુંનિશાન બનાવી ત્યાં ત્રાટક્યા હતા. અને મકાનના તાળા તોડી રૂ. ૩૦ હજારની રોકડ અને રૂ. ૫૦ હજારની કિંમતનું બાઈક સહિત કુલ રૂ. ૮૦ હજારની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. પોલીસે આ મામલે ગુનોદાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર ધનસુરાના વડાગામ રોડ ઉપર હાઈસ્કૂલ સામેના વિસ્તારમાં આવેલ એક મકાનનો માલિક ઉનાળાના કારણે પોતાના પરિવાર સાથે ધાબા પર સૂઈ રહ્યા હતા. દરમિયાન રાત્રીના સમયે કેટલાક તસ્કરોએ એકલતા અને અંધારાનો લાભ લઈ મકાનના તાળા તોડી અંદર પ્રવેશ્યા હતા અને પડેલો તમામ સામાન વેરવિખેર કરી નાખ્યો હતો. જ્યારે મકાનની અંદર કબાટમાં પડેલા ૩૦ હજાર રૂપિયા રોકડ લઈ લીધા હતા. તેમજ મકાનની બહાર પાર્ક કરેલ રૂ. ૫૦ હજારની કિંમતની નવી બાઈક સાથે કુલ ૮૦ હજારની મત્તા લઈ તસ્કરો પલાયન થઈ ગયા હતા. સવારે મકાનમાલિક ધાબા પરથી નીચે આવ્યા ત્યારે ઘરનું બારણું ખુલ્લુ જોતા તપાસ કરી હતી. જેમાં માલસામાન વેરવિખેર જોતા અને રૂ. ૩૦ હજારની રોકડ તથા બાઈક નજરે ન પડતા તેઓએ ધનસુરા પોલીસમથકમાં જાણ કરી હતી જેથી પોલીસે તાત્કાલિક બનાવ સ્થળે આવી મકાનમાલિકની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પરીક્ષામાં હતાશ થયેલા વિદ્યાર્થીએ ઘર છોડ્યું

માણસા, તા. ૨૬

પરીક્ષાનું પરિણામ દરેક કુટુંબમાં મહત્વનું બની ગયું છે. એમાંય બોર્ડનું પરિણામ વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે કસોટી રૂબ બન્યું છે. જેના પરિણામે નબળા વિદ્યાર્થીઓ નીચા પરિણામથી હતાશ થઈ જાય છે અને મૃત્યુનું કે ઘર છોડવાનો નિર્ણય કરી લે છે. આવી જ એક ઘટના માણસા તાલુકાના પડુસ્મા ગામમાં બની છે. પડુસ્મા ગામે ધોરણ-૧૨ નો વિદ્યાર્થી નાપાસ થતા ઘર છોડીને ચાલ્યો ગયો છે. જે અંગેની ફરિયાદ માણસા પોલીસમથકે કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પડુસ્મા ગામના અનંતકુમાર બાબુભાઈએ ચાલુ વર્ષે ધોરણ-૧૨ની પરીક્ષા આપી હતી બે દિવસ પહેલા જાહેર થયેલ બોર્ડના પરિણામમાં તે નાપાસ હોવાનું જાણવા મળ્યું હતું. ઘરમાં વડીલો બોલશે તેવી બીકે તેણે પરિણામના દિવસે જ ઘર છોડ્યું હતું. કોઈને પણ કહ્યા સિવાય ચાલી ગયો હતો જે બાબતે તેમાં પરિવારજનોએ તેના સગા સંબંધીઓને ત્યાં શોધખોળ હાથ ધરી હતી પરંતુ તેમ છતાં ગુમ વિદ્યાર્થીની કોઈ ભાળ ન મળતા અને દિકરો કોઈ અજુગતુ પગલું ન ભરે તે માટે માતાએ માણસા પોલીસ સ્ટેશને પોતાના દિકરાની હકિકત જણાવી ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે વિદ્યાર્થીની શોધખોળ હાથ ધરી છે.

ખેડબ્રહ્મા તાલુકા સેવા સદનનું ખાત મુહૂર્ત યોજાયું

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા તાલુકા સેવા સદનનું ખાતમુહૂર્ત શનિવારના રોજ મહેસુલ મંત્રીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકામાંથી મોટી સંખ્યામાં તાલુકાવાસીઓ હાજર રહ્યા હતા.

ખેડબ્રહ્મામાં રૂ. ૧૮.૮૪ કરોડના ખર્ચે બનનાર તાલુકા સેવા સદનનું ખાતમુહૂર્ત શનિવારના રોજ રાજ્યના મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલના વરદ્ હસ્તે સંપન્ન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના પ્રારંભે ખેડબ્રહ્માના પ્રાંત અધિકારી આર.આર. ઠક્કરે શાબ્દિક સ્વાગત કર્યું હતું જ્યારે સભાને ઉદ્બોધન કરતા મંત્રીએ સરકાર દ્વારા કરેલા કામોનો ચિતાર રજૂ કર્યો હતો. તેમજ કોંગ્રેસના હિસાબ દો જવાબ દો ના કાર્યક્રમની હાંસી ઉડાવતા જણાવ્યું હતું કે કોંગ્રેસ પાસે અમારે અને તમારે ૩૫ વર્ષના કોંગ્રેસના શાસનનો જવાબ માગવાનો છે અને ડિસેમ્બર-૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને પુનઃ જીતાડી હિસાબ આપી દેજો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો અને પદાધિકારીઓ તથા અધિકારીઓ હાજર રહ્યા હતા.

હોદ્દેદારોની વરણી...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તરીકે સર્વશ્રી કિરીટ બેન્કર (વડી કચેરી), શ્રી જે. એન. સત્યદેવ (સૌરાષ્ટ્ર ઝોન), શ્રી વિનોદ પરમાર (મધ્ય ગુજરાત ઝોન), શ્રી નરેશ પટેલ (દક્ષિણ ગુજરાત ઝોન) અને શ્રી નરેશ દિક્ષીત (ઉત્તર ઝોન)ની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી છે.

કારોબારી સભ્યોમાં સર્વશ્રી પી. એમ. પટેલ, શ્રી પરિમલ દેસાઈ, શ્રી હિમાંશુ ઉપાધ્યાય, શ્રી નિલેશ વાઘેલા, શ્રી કમલ રાઠોડ, શ્રી પારૂલબેન મણિયાર, શ્રી હંસાબેન પરીખ, શ્રી સર્વજ્ઞ સુખડીયા (નડીયાદ), શ્રી કિરીટ નાયક (હિંમતનગર), શ્રી જે. જી. સોજીત્રા (વડોદરા), શ્રી વિષ્ણુ નાયક (મહેસાણા), શ્રી બી. ટી. ઠુમર (વિરપુર), શ્રી સંજય પટેલ (ભરૂચ), શ્રી દિપક પંડયા (સુરેન્દ્રનગર), શ્રી સંજય રાજયગુરૂ (રાજકોટ) અને શ્રી મનોજ ખેંગાર (વલસાડ)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

જાહેર નિવિદા નં.૧/૨૦૧૨-૧૩

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.૨, પ્રથમ માળ, "એ" બ્લોક, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૬૪૬-૭૦) દ્વારા વિજળીકરણને લગતા ૧૬ કામો કે જેની અંદાજીત કિંમત રૂ. ૨૦,૮૬.૦૦ થી ૨,૯૯,૯૪૫.૦૦ની વચ્ચે છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારો / જે તે કામના નિષ્ણાંત અને અનુભવી પેઢી તથા મુળ ઉત્પાક અને અધિકૃત વિક્રેતા પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામના કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૧/૬/૨૦૧૨ (સમય : ૧૬.૦૦ કલાક) સુધી છે. ભરેલ ટેન્ડરો રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તારીખ ૭/૬/૨૦૧૨ કચેરી સમય સુધી છે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

જો સરકારશ્રી દ્વારા આકસ્મિક રજા જાહેર થાય તો ટેન્ડર આપવાની તથા પરત મેળવવા અંગેની તારીખો જાહેર રજાના પછીના કચેરીના કામકાજના દિવસની ગણતરીમાં લેવામાં આવશે.

માહિતી/૪૦૫/૧૨-૧૩

Change of Name

My old name is Solanki Kalpna Govindbhai. New name is Patlani Kalpna Govindbhai

Sector-24, Plot No. 65, Gandhinagar

ભારત સંચાર નિગમ લિ. સાબરકાંઠા વર્તુળનું 'ઓપન હાઉસ' યોજાયું

તલોદ, તા. ૨૬

ભારત સંચાર નિગમ લિ. સાબરકાંઠા વર્તુળનું ૨૦૧૨-૧૩નું પ્રથમ 'ઓપન હાઉસ' તલોદ નગરના છેડે એક હોલમાં યોજાઈ ગયું. આ ઓપન હાઉસમાં નિગમના જિલ્લાકક્ષાના જનરલ મેનેજરથી માંડી સ્થાનિક કક્ષાના અધિકારીઓ અને લાઈનમેન સહિતના કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. જેમના વિશાળ હિતમાં ઓપનહાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું તેવા હજારો ટેલિફોન ધારક ગ્રાહકો પૈકીના માંડ પંદર જેટલા ગ્રાહકો અહિં ઉપસ્થિત રહ્યા હતા. જે પૈકીના કેટલાકે બીએસએનએલની તલોદ પંથકની કેટલીક કથળતી સેવાઓ બાબતે જનરલ મેનેજરને જાહેર રજૂઆત કરી ધ્યાન દોર્યું હતું.

આમ પ્રજા એટલે કે, બીએસએનએલના લેન્ડલાઈન ફોનધારક ગ્રાહકો, મોબાઈલ ફોન ગ્રાહકો અને બ્રોડબેન્ડ ઈન્ટરનેટ જેવી સુવિધાઓનો ઉપયોગ કરતા ઉપભોક્તા ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે તથા તેઓના યોગ્ય સૂનો અને મંતવ્યો મેળવવા બાબતે સંચાર નિગમ તરફથી આવા ઓપન હાઉસનું આયોજન કરવામાં આવતું હોય છે. જેની જાણ નાનકડી અખબારી જાહેર ખબરથી કરવામાં આવતી હોય છે. તલોદ ખાતે નગરના છેવાડે આજે તા. ૨૫-૫-૧૨ના રોજ યોજાયેલ ટેલિકોમ તંત્રના આ ઓપન હાઉસમાં તલોદ એક્ષચેન્જના હજારો ગ્રાહકોમાંથી માત્ર ૧૫ જેટલા જ ગ્રાહકોએ હાજર રહી કેટલીક ફરિયાદો કરી હતી. જેમાં મોબાઈલ અને બ્રોડબેન્ડની કનેક્ટીવીટીની ફરિયાદો મહત્તમ રહી હતી જેની નોંધ લઈ નિગમના ઉપસ્થિત લાગતાવળગતા અધિકારીઓએ ધારાધોરણ મુજબના પ્રતિભાવો આપી ખોરવાયેલી સેવાઓ અંગે શક્ય તેટલી ઝડપી યોગ્ય સેવા પુરી પાડવા હૈયાધારણ આપી હતી. તલોદ પોસ્ટ કચેરી ખાતેથી ગ્રાહકોને સમયસર તો ક્યારેક બિલકુલ ટેલિફોન બીલ નહિ મળતા હોવાની ફરિયાદને યોગ્ય લેખીને તે અંગે ઘટતુ કરવાની ખાતરી નિગમના હિંમતનગર ડિસ્ટ્રીક્ટના જનરલ મેનેજર સુનિલકુમારે આપી હતી.

તલોદ તાલુકા પંચાયત પ્રમુખ બંસીભાઈ મહેતાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ ઓપન હાઉસનું દિપ પ્રગટાવી ઉદ્ઘાટન જિલ્લા ટેલિકોમ તંત્રના જનરલ મેનેજર સુનિલકુમારે કર્યુ હતું. ડિવિ. જન. મેને. એમ.પી. પટેલ, ડિ.ઈ. એચ.ડી. સુથાર, એ.જી.એમ. બી.એચ. પ્રજાપતિ તથા તલોદ-પ્રાંતિજના એસ.ડી.ઓ.ટી. તથા જે.ટી.ઓ. અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નિગમના જિલ્લાકક્ષાના જન. મેને. સુનિલકુમારે ગ્રાહકોની વણ ઉકલી સમસ્યાઓ પ્રતિ તંત્ર કવાયત કરશે અને શક્ય તેટલી યોગ્ય સેવા પુરી પાડવામાં આવશે તેવી હૈયાધારણ આપી, સમગ્ર રાજ્યમાં સાબરકાંઠાના ટેલિકોમ તંત્રએ આગળ ઓળખ ઉભી કરીને ગૌરવ પ્રદાન કર્યું હોવાનું કહ્યું હતું. અધ્યક્ષપદેથી બોલતા બંસીભાઈ મહેતાએ વર્તમાન સ્પર્ધાત્મક યુગમાં અન્ય કંપનીઓની સરખામણીમાં બીએસએનએલની સેવાઓ ઘણી ઉણી ભાસી રહી હોવાનું જણાવીને કહ્યું હતું કે, સમસ્યાઓનું સંશોધન કરી, તેનું નિરાકરણ લાવવાનો સમય પાકી ગયો છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ભીષણ આગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જહેમત ઉઠાવવી પડી હતી. સતત સાત કલાક સુધી ભભૂકેલી આગને કાબૂમાં લેવામાં જ સવાર પડી ગઈ હતી. ફાયરબ્રિગેડના ટેન્કરો સહિત માણસા નગરપાલિકા ઉપરાંત ખાનગી ટેન્કરોની પણ મદદ લેવાઈ હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમના ચિનુભાઈના જણાવ્યા મુજબ આગને કાબૂમાં લેવા ૬૦ થી વધુ ટેન્કર પાણી ફાળવવામાં આવ્યું હતું. લાખો લીટર પાણીનો છંટકાવ કર્યા બાદ આગ માંડ કાબુમાં આવી હતી. જયારે ફેકટરીમાં પણ ફાયર સેફટીના સાધનો ઉપલબ્ધ ન હોવાનું પણ ધ્યાને આવ્યું છે. વિકરાળ આગમાં કિમતી માલ-સામાન અને તેલ ભડકે દેવાતા કરોડોનું નુકશાન થયું હોવાનો અંદાજ છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૯, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર

મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧